**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩.**

# ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, ૨૦૨૩.

## અનુક્રમણિકા


| કલમો | વિગત |
|---|---|
| **૧.** | ટૂંકી સંજ્ઞા અને આરંભ. |
| **૨.** | વ્યાખ્યા. |
| **૩.** | ફરજિયાત ભાષા તરીકે ગુજરાતી. |
| **૪.** | સક્ષમ સત્તાધિકારી. |
| **૫.** | સક્ષમ સત્તાધિકારી રાજ્ય સેવક હોવા બાબત. |
| **૬.** | શાળા દ્વારા મુક્તિ. |
| **૭.** | સરકાર દ્વારા મુક્તિ. |
| **૮.** | શિક્ષા. |
| **૯.** | ઉપરવટ અસર હોવા બાબત. |
| **૧૦.** | આદેશો આપવાની સરકારની સત્તા. |
| **૧૧.** | શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ. |
| **૧૨.** | નિયમો કરવાની સત્તા. |
| **૧૩.** | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. |

**GUJARAT BILL NO. 3 OF 2023.**

**THE GUJARAT COMPULSORY TEACHING AND LEARNING OF GUJARATI LANGUAGE BILL, 2023.**

*A BILL*

*to provide and ensure teaching and learning of Gujarati as one of the languages in all Schools in the State of Gujarat.*

**સન ૨૦૨૩ નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૩.**

## ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, ૨૦૨૩.

ગુજરાત રાજ્યમાંની તમામ શાળાઓમાં એક ભાષા તરીકે ગુજરાતીના શિક્ષણ અને અભ્યાસની જોગવાઇ કરવા અને તે સુનિશ્ચિત કરવા બાબત વિધેયક.

રાજ્યમાંની તમામ શાળાઓમાં ઓછામાં ઓછું નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક ધોરણોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી એક ભાષા તરીકે તબક્કાવાર રીતે ગુજરાતી ભાષાનો અભ્યાસ કરશે (શીખશે) તે સુનિશ્ચિત કરવા માટે, ગુજરાત સરકારે, એક નીતિવિષયક નિર્ણય લીધો છે.

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- **વ્યાખ્યા.**

(ક) "શૈક્ષણિક વર્ષ" એટલે સંબંધિત બોર્ડ પ્રમાણે શરૂ થતું શૈક્ષણિક વર્ષ;
(ખ) "સક્ષમ સત્તાધિકારી" એટલે કલમ ૪ હેઠળ સરકારે નીમેલા સક્ષમ સત્તાધિકારી;
(ગ) "સરકાર" એટલે રાજ્ય સરકાર;
(ઘ) "નિમ્ન પ્રાથમિક" એટલે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ મુજબ ધોરણ ૩ થી ૫;
(ચ) "ઠરાવેલું" એટલે નિયમોથી ઠરાવેલું;

(છ) "શાળા" એટલે,–

(૧) રાજ્ય સરકાર અથવા સ્થાનિક મંડળો દ્વારા સ્થાપવામાં આવેલી અને નિભાવવામાં આવતી કોઇપણ પ્રાથમિક શાળા; અથવા

(૨) ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦ની કલમ (૧) હેઠળ સ્થપાયેલી અને સંચાલિત લઘુમતી શાળા સહિતની રાજ્ય નિધિ (ફંડ)માંથી અનુદાન મેળવતી હોય કે ન હોય તેવી કોઇપણ ખાનગી શૈક્ષણિક એજન્સી દ્વારા સ્થપાયેલી અને સંચાલિત કોઇપણ પ્રાથમિક શાળા; અથવા

(૩) ગુજરાત રાજ્યમાં ચાલતી અને કોઇપણ બોર્ડ સાથે જોડાયેલી (સંલગ્ન) હોય તેવી બીજી કોઇ શાળા.

**સ્પષ્ટીકરણ:–** આ કલમના હેતુ માટે,

(૧) ઉપર્યુક્ત વ્યાખ્યા અનુસાર નિમ્ન અને/અથવા ઉચ્ચ પ્રાથમિક ધોરણના કોઇ વર્ગ ધરાવતી શાળા, આ અધિનિયમના હેતુ માટે શાળા તરીકે ગણાશે.

(૨) આ અધિનિયમમાં વપરાયેલા પરંતુ વ્યાખ્યાયિત નહિ કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે. **સન ૧૯૪૭નો મુંબઇનો ૬૧મો.**

(જ) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય;

(ઝ) "ઉચ્ચ પ્રાથમિક" એટલે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ મુજબ ધોરણ ૬ થી ૮;

**ફરજિયાત ભાષા તરીકે ગુજરાતી.**

**૩.** (૧) રાજ્યમાંની તમામ શાળાઓમાં વધારાની ભાષા તરીકે ગુજરાતી ભાષા ફરમાવામાં આવે તેમ તબક્કાવાર રીતે ફરજિયાત ભાષા તરીકે ભણાવવી જોઇશે.

(૨) નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક ધોરણોમાં જે શાળાઓમાં ભાષા તરીકે ગુજરાતી ભાષા ભણાવવામાં (શીખવવામાં) આવતી નથી, તે શાળાઓએ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી ઓછામાં ઓછું નિમ્ન પ્રાથમિક (ધોરણ)થી ગુજરાતીને વધારાની ભાષા તરીકે દાખલ કરવી જોઇશે અને તેને, તબક્કાવાર રીતે ઓછામાં ઓછું ઉચ્ચ પ્રાથમિક (ધોરણ) સુધી લંબાવવી જોઇશે.

(૩) ગુજરાતીને વધારાની ભાષા તરીકે ભણાવવા (શીખવવા) માટે, દરેક શાળાએ, રાજ્ય સરકારે, ઠરાવેલા પાઠ્યપુસ્તકોનું અનુસરણ કરવું જોઇશે.

**સક્ષમ સત્તાધિકારી.**

**૪.** (૧) સરકાર, રાજપત્રમાં, જાહેરનામાથી, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોના હેતુઓ પાર પાડવા માટે, પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત સરકારની કચેરીમાં નાયબ નિયામકના હોદ્દાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા શિક્ષણ વિભાગના કોઇ અધિકારીની

સક્ષમ સત્તાધિકારી તરીકે નિમણૂક કરી શકશે અને જુદા જુદા વિસ્તારો માટે જુદા જુદા સક્ષમ સત્તાધિકારીઓની નિમણૂક કરી શકાશે.

(૨) સક્ષમ સત્તાધિકારી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો બજાવશે.

સન ૧૮૬૦નો ૪૫મો.

**૫.** કલમ ૪ હેઠળ નીમાયેલા સક્ષમ સત્તાધિકારી ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક છે એમ ગણાશે. **સક્ષમ સત્તાધિકારી રાજય સેવક હોવા બાબત.**

**૬.** (૧) ગુજરાતની બહારના નિવાસી (અધિવાસી) હોય તેવા ગુજરાતની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કિસ્સામાં, આ અધિનિયમની તમામ અથવા તે પૈકીની કોઇ જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકાશે. વિદ્યાર્થીની નોંધણી જ્યાં થયેલી હોય ત્યાં, વિદ્યાર્થીના માતા–પિતા/વાલીની વાજબી કારણો સાથેની લેખિત વિનંતી પરથી સંબંધિત શાળા દ્વારા આવી મુક્તિ આપી શકાશે. **શાળા દ્વારા મુક્તિ.**

(૨) આવા વિદ્યાર્થીઓની જરૂરી વિગતો સાથેની યાદી, શાળા દ્વારા આવો નિર્ણય લેવામાં આવે ત્યારે અને તે પ્રમાણે, સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપવી (જાણ કરવી) જોઇશે.

**૭.** શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી, સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાની હોય તેવી તેને ઉચિત જણાય તેવી શરતોને અધીન રહીને કોઈ શાળા અથવા વિદ્યાર્થીઓના વર્ગને, આ અધિનિયમની કલમ ૬ની જોગવાઈઓ સિવાયની, આ અધિનિયમની તમામ અથવા તે પૈકીની કોઇ જોગવાઈઓમાંથી મુક્તિ આપી શકશે. **સરકાર દ્વારા મુક્તિ.**

**૮.** (૧) જે કોઈ શાળા, આ અધિનિયમ અથવા તે હેઠળ કરવામાં આવેલા નિયમોનું એક મહિના માટે અથવા પ્રથમ વખત ઉલ્લંઘન કરે તે રૂપિયા પચાસ હજારના દંડને પાત્ર થશે: **શિક્ષા.**

પરંતુ તેવી શાળા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું એક મહિનામાં બીજી વખત ઉલ્લંઘન કરે, તો તે એક લાખ રૂપિયાના દંડને પાત્ર થશે:

વધુમાં, તેવી શાળા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું એક મહિનામાં ત્રીજી વખત ઉલ્લંઘન કરે, તો ત્યારપછી તે બે લાખ રૂપિયાના દંડને પાત્ર થશે.

(૨) સક્ષમ સત્તાધિકારીને, પેટા–કલમ (૧) હેઠળ દંડ લાદવાની (કરવાની) સત્તા રહેશે.

(૩) સરકારનો એવો અભિપ્રાય છે કે તેમ કરવાનું જરૂરી અથવા ઇષ્ટ છે, ત્યારે તે લેખિતમાં કારણોની નોંધ કરીને, પોતે ઉચિત ગણે તે રીતે, પેટા–કલમ (૧)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે દંડની રકમમાં વધારો અથવા ઘટાડો કરી શકશે.

(૪) કોઈપણ શાળા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું એક વર્ષની મુદત કરતા વધુ સમય સુધી ઉલ્લંઘન કરે, તો સરકાર તેવી શાળા જેની શાળા સાથે જોડાયેલ (સંલગ્ન) હોય તે શાળામાંથી તેના જોડાણને રદ કરવા માટે, બોર્ડ અથવા યથાપ્રસંગ, સંસ્થાને આદેશ કરી શકશે.

(૫) સંબંધિત શાળાને સુનાવણીની તક આપવામાં ન આવે, તો પેટા–કલમ (૧) હેઠળ જોગવાઇ કર્યા મુજબનો કોઈપણ દંડ લાદવો જોઇશે નહિ.

(૬) પ્રાથમિક શાળા નિયામકની કચેરી, ગુજરાત સરકાર–ના નાયબ નિયામકના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારી, ઠરાવવામાં આવે તેવી રીતે તેવો દંડ વસૂલ કરી શકશે.

ઉપરવટ અસર હોવા બાબત.

**૯.** આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ કરેલી હોય તે સિવાય, ગુજરાત રાજ્ય વિધાનમંડળે અધિનિયમિત કરેલા બીજા કોઈ કાયદામાં તેની સાથે અસંગત ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અમલમાં રહેશે.

આદેશો આપવાની સરકારની સત્તા.

**૧૦.** (૧) સરકાર, જાહેર હિતમાં, હુકમથી, હુકમમાં નિર્દિષ્ટ કરેલા કોઈ કેસમાં, આ અધિનિયમ હેઠળ તપાસ કરવાનો અથવા યોગ્ય કાર્યવાહીઓ કરવાનો સક્ષમ સત્તાધિકારીને આદેશ આપી શકશે અને સક્ષમ સત્તાધિકારીએ, ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર તેણે કરેલી તપાસ અથવા કરેલી કાર્યવાહીઓના પરિણામ અંગેનો અહેવાલ સરકારને આપવો જોઇશે.

(૨) પેટા–કલમ (૧) હેઠળ સક્ષમ સત્તાધિકારી પાસેથી અહેવાલ મળ્યે, સરકાર પોતે યોગ્ય ગણે તેવો આદેશ આપશે અને આવો આદેશ આખરી અને બંધનકર્તા રહેશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.

**૧૧.** આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમ અથવા હુકમ હેઠળ શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કૃત્યના સંબંધમાં, સક્ષમ સત્તામંડળ, સરકાર અથવા તેના અધિકારીઓ સામે કોઈપણ દાવો, ફોજદારી કાર્યવાહી અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

નિયમો કરવાની સત્તા.

**૧૨.** (૧) સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, પૂર્વ–પ્રસિદ્ધિ પછી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો મૂકવામાં આવે તે સત્ર અથવા ત્યાર પછી તરત આવતા સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઇ રદ કરે અથવા તેમાં જે કોઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવું જોઇશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

**૧૩.** (૧) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની મુદતની અંદર, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે. **મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ રાજ્ય વિધાનમંડળના ગૃહ સમક્ષ મૂકવો જોઇશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની તમામ શાળાઓમાં નિમ્ન અને ઉચ્ચ પ્રાથમિક ધોરણોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪થી તબક્કાવાર રીતે ફરજિયાત ભાષા તરીકે ગુજરાતી ભાષા ભણાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે નીતિવિષયક નિર્ણય લેવામાં આવ્યો છે અને આ નીતિવિષયક નિર્ણયનો અમલ કરવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત સરકારના નાયબ નિયામકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીની સક્ષમ સત્તાધિકારી તરીકે નિમણૂક કરવી જરૂરી જણાઈ છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક મહત્વની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવી છે:–

**કલમ ૧.–** આ કલમથી અધિનિયમની ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨.–** આ કલમથી વિધેયકમાં વાપરેલ અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમો ૩.–** આ કલમથી રાજ્યની તમામ શાળાઓમાં એક વધારાની ભાષા તરીકે ગુજરાતી ભાષાને ફરજિયાત ભાષા તરીકે ભણાવવામાં આવશે તેની જોગવાઈ કરી છે.

**કલમ ૪.–** આ કલમથી આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે સક્ષમ સત્તાધિકારીની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૫.–** આ કલમથી ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ સક્ષમ સત્તાધિકારીને રાજ્ય સેવક તરીકે ગણવામાં આવશે તેવી જોગવાઈ કરી છે.

**કલમ ૬.–** આ કલમથી ગુજરાતની બહાર વસવાટ કરતા (અધિવાસ ધરાવતા) વિદ્યાર્થીઓના કિસ્સામાં મુક્તિ આપી શકાશે તેની જોગવાઈ કરી છે.

**કલમ ૭.–** આ કલમથી આ અધિનિયમની કલમ ૬ની જોગવાઈઓ સિવાયની તમામ અથવા તે પૈકીની કોઈપણ જોગવાઈઓમાંથી કોઈપણ શાળા અથવા વિદ્યાર્થીઓના વર્ગને મુક્તિ આપવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૮.–** આ કલમથી, આ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરતી શાળા પર સક્ષમ સત્તાધિકારી દ્વારા દંડ લાદવાની (કરવાની) જોગવાઇ કરી છે.

**કલમ ૯.–** આ કલમથી એવી જોગવાઇ કરી છે કે ગુજરાત વિધાનમંડળે અધિનિયમિત કરેલા કોઇ અન્ય કાયદામાં તેની સાથે ગમે તે અસંગત હોય તેમ છતાં, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અમલમાં રહેશે.

**કલમ ૧૦.–** આ કલમથી, સરકારને ઉચિત જણાય તેવા આદેશો આપવાની સત્તા માટેની જોગવાઈ કરી છે અને તેવા આદેશો આખરી અને બંધનકર્તા રહેશે.

**કલમ ૧૧.–** આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા લીધેલા કૃત્યો બદલ સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૨.–** આ કલમથી, રાજય સરકારને, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૩.–** આ કલમથી, રાજય સરકારને, અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

**કુબેરભાઇ ડીંડોર,**

## નાણાકીય યાદી

શિક્ષણ વિભાગનો વિદ્યમાન કર્મચારીવર્ગ (સ્ટાફ), અધિનિયમના ઉદ્દેશો પાર પાડવા માટે કાર્યો બજાવશે અને તેથી, વિધેયક, અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઇ વધારાનું ખર્ચ થશે નહિ.

**કુબેરભાઇ ડીંડોર,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે;

**કલમ ૩.-** આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, દરેક શાળાએ ગુજરાતીને વધારાની ભાષા તરીકે શીખવવા માટે જે પાઠ્યપુસ્તકોને અનુસરવા જોઇશે તે પાઠ્યપુસ્તકો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૪.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત સરકાર-ની કચેરીમાં નાયબ નિયામકના હોદ્દાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા શિક્ષણ વિભાગના કોઈ અધિકારીને સક્ષમ સત્તાધિકારી તરીકે નીમવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, સક્ષમ સત્તાધિકારી દ્વારા વાપરવાની સત્તા અને કરવાના કાર્યો, નિયમોથી, ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૭.-** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં પ્રસિદ્ધ કરીને, સામાન્ય અથવા ખાસ હુકમથી, આ અધિનિયમની કલમ ૬ની જોગવાઈઓ સિવાયની તમામ અથવા કોઇ જોગવાઈઓમાંથી, કોઇ શાળા અથવા વિદ્યાર્થીઓના વર્ગને મુક્તિ આપવાની સત્તા મળે છે.

**કલમ ૮.-** આ કલમની પેટા-કલમ (૬)થી, રાજ્ય સરકારને, પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત સરકાર-ની કચેરીમાં નાયબ નિયામકના હોદ્દાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા (શિક્ષણ વિભાગના) કોઇ અધિકારી જે રીતે આ કલમમાં જોગવાઇ કર્યા પ્રમાણે દંડ વસૂલ કરી શકશે તે રીત, નિયમોથી, ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૦.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, સક્ષમ સત્તાધિકારીએ જેટલી મુદતની અંદર, રાજ્ય સરકારને, કરેલી તપાસનું પરિણામ અથવા તેણે હાથ ધરેલી કાર્યવાહી અંગેનો અહેવાલ રજૂ કરવો જોઇશે તે મુદત, નિયમોથી, ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૨.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૩.–** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને આરંભથી બે વર્ષની મુદતની અંદર ઉભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૩.** **કુબેરભાઇ ડીંડોર.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩ .]

ગુજરાત રાજ્યમાંની તમામ શાળાઓમાં એક ભાષા તરીકે ગુજરાતીના શિક્ષણ અને અભ્યાસની જોગવાઈ કરવા અને તે સુનિશ્ચિત કરવા બાબત વિધેયક.

[શ્રી કુબેરભાઈ ડીંડોર,

શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૨૨મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**GUJARAT BILL NO. 3 OF 2023.**

# THE GUJARAT COMPULSORY TEACHING AND LEARNING OF GUJARATI LANGUAGE BILL, 2023.


| Clauses | Content | Page No. |
|---|---|---|
| **1.** | Short title and commencement. | 2 |
| **2.** | Definitions. | 2 |
| **3.** | Gujarati as a Compulsory Language. | 3 |
| **4.** | Competent Authority. | 3 |
| **5.** | Competent Authority to be public servant. | 3 |
| **6.** | Exemption by school. | 3 |
| **7.** | Exemption by Government. | 4 |
| **8.** | Penalty. | 4 |
| **9.** | Overriding effect. | 4 |
| **10.** | Power of Government to give directions. | 5 |
| **11.** | Protection of action taken in good faith. | 5 |
| **12.** | Power to make rules. | 5 |
| **13.** | Power to remove difficulties. | 5 |

**THE GUJARAT COMPULSORY TEACHING AND LEARNING OF GUJARATI LANGUAGE BILL, 2023.**

**GUJARAT BILL NO. 3 OF 2023.**

***A BILL***

*to provide and ensure teaching and learning of Gujarati as one of the languages in all Schools in the State of Gujarat.*

**WHEREAS** a policy decision has been taken by the Government of Gujarat to ensure that all students studying in at least Lower and Upper primary standards in all schools in the State shall learn Gujarati as one of the languages in a phased manner from the academic year 2023-24.

It is hereby enacted in the Seventy-fourth Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Compulsory Teaching and Learning of Gujarati Language Act, 2023.

(2) It shall come into force on such date as the Government may, by notification, in the *Official Gazette*, appoint.

**Definitions.**

**2.** In this Act, unless the context otherwise requires,

(a) "Academic year" means the academic year commencing as per concerned Board;

(b) "Competent authority" means the competent authority appointed by the Government under section 4;

(c) "Government" means the State Government;

(d) "Lower Primary" means Standard 3 to 5 as per National Educational Policy, 2020;

(e) "prescribed" means prescribed by the rules;

(f) "School" means,

(i) any Primary School established and maintained by the Government or Local Bodies; or

(ii) any Primary School established and administered or maintained by any private educational agency including minority school established and administered under clause (1) of article 30 of the Constitution of India, whether receiving aid out of the State fund or not; or

(iii) such other Schools which are running in the State of Gujarat and have affiliation with any Board.

**Explanation: -** For the purpose of this clause,

(1) A School having any of classes of Lower and/or Upper Primary standards as per above said definition is considered a School for the purpose of this Act.

(2) Words and expressions used in this Act but not defined shall have the same meaning assigned to it in the Gujarat Primary Education Act, 1947. **Bom. LXI of 1947**

(g) "State" means the State of Gujarat;

(h) "Upper Primary" means Standard 6 to 8 as per National Educational Policy, 2020.

**3.** (1) Gujarati language shall be taught as a compulsory language in all schools in the State as an additional language, in the phased manner, as may be required. **Gujarati as a compulsory language.**

(2) In those Schools which are not teaching Gujarati as a language in the Lower and Upper Primary standards, shall introduce Gujarati as an additional language, at least from the Lower Primary from the academic year 2023-24 and extend at least up to the Upper Primary in the phased manner.

(3) Every School shall follow textbooks prescribed by the Government for teaching Gujarati as an additional language.

**4.** (1) The Government may appoint, by notification, in the *Official Gazette,* any officer of the Education Department not below the rank of Deputy Director in the office of the Directorate of Primary Education, Government of Gujarat to be the Competent Authority for the purposes of carrying out the provisions of this Act and the rules made there under and different competent authorities may be appointed for different areas. **Competent Authority.**

(2) The Competent Authority shall exercise such powers and perform such functions as may be prescribed.

**5.** The competent authority appointed under Section 4 shall be deemed to be public servant within the meaning of Section 21 of the Indian Penal Code, 1860. **Competent Authority to be Public Servant.**

**45 of 1860**

**6.** (1) In case of students with domicile outside Gujarat, who are studying in School of Gujarat, exemption may be granted, from all or any of the provision of this Act. Such exemption may be granted by the concerned School where the student is enrolled, on written request of student's parent/guardian with valid reasons. **Exemption by school.**

(2) The list of such students along with requisite details shall be intimated to the concerned District Education Officer / District Primary Education Officer as and when such decision has been taken by the School.

**Exemption by Government.** **7.** The Education Department, Government of Gujarat may, subject to such conditions, as it may deem fit by general or special order, to be published in the *Official Gazette* other than the provisions of Section 6 of this Act, exempt any School or category of students from all or any of the provisions of this Act.

**Penalty.** **8.** (1) Any school, which contravenes the provisions of this Act or the rules made thereunder for a month for the first time, shall be liable for a penalty of rupees fifty thousand:

Provided that if such a school contravenes the provisions of this Act or the rules made thereunder for a month for the second time, then it shall be liable for a penalty of rupees one lakh:

Provided further that if such a school contravenes the provisions of this Act or the rules made thereunder for a month for the third time and thereafter, then it shall be liable for a penalty of rupees two lakh.

(2) The competent authority shall be competent to impose penalty under sub-section (1).

(3) Where the Government is of the opinion that it is necessary or expedient to do so, it may, for reasons to be recorded in writing, suitably enhance or reduce any of the penalty as specified in sub-section (1).

(4) If any School continues to make contraventions of the provisions of this Act or the rules made thereunder beyond a period of one year, the Government may, direct the Board or institution, as the case may be, to disaffiliate the School, to which such a School is affiliated.

(5) No penalty as provided under sub-section (1) shall be imposed, unless the School concerned is given an opportunity of being heard.

(6) An officer not below the rank of Deputy Director of the office of Directorate of Primary Education, Government of Gujarat may recover such penalty in such a manner, as may be prescribed.

**Overriding effect.** **9.** Save as otherwise provided in this Act, the provisions of this Act, or the rules made thereunder, shall have effect, notwithstanding anything inconsistent therewith contained in any other law enacted by the Gujarat State Legislature.

**10.** (1) The Government may, in the public interest, by order, direct the competent authority to make an enquiry or to take appropriate proceedings under this Act in any case specified in the Order and the competent authority shall report to the Government the result of the enquiry made or the proceedings taken by him within such period as may be prescribed.

**Power of Government to give directions.**

(2) On receipt of the report from the competent authority under sub-section (1), the Government shall give such direction as it deems fit and such direction shall be final and binding.

**11.** No suit, prosecution or other legal proceedings shall lie against the competent authority, Government or its officers for anything which is in good faith done or intended to be done under this Act or any rule or order made there under.

**Protection of action taken in good faith.**

**12.** (1) The Government may, by notification in the *Official Gazette*, after previous publication, make rules to carry out the purposes of this Act.

**Power to make Rules.**

(2) All rules made under this section shall be laid for not less than thirty days before the State Legislature as soon as may be they are made, and shall be subject to rescission by the State Legislature or to such modification as the State Legislature may make, during the session in which they are so laid or the session immediately following.

(3) Any rescission or modification so made by the State Legislature shall be published in the *Official Gazette,* and shall thereupon take effect.

**13.** (1) If any difficulty arises in giving effect to the provisions of this Act, the Government may, within a period of two years from the commencement of this Act, by an order published in the *Official* Gazette, make such provisions not inconsistent with the provisions of this Act, as may appear to it to be necessary or expedient for removal of difficulty.

**Power to remove difficulties.**

(2) Every order made under this section shall be laid, as soon as may be after it is made, before the House of the State Legislature.

## STATEMENT OF OBJECTS AND REASONS

A policy decision has been taken by the Government of Gujarat to ensure that, all students studying in Lower and Upper Primary standards in all Schools in the State to be taught Gujarati language as one of the compulsory language in a phased manner from the academic year 2023-24 and it is considered necessary to appoint an officer not below the rank of Deputy Director in the office of the Directorate of Primary Education, Government of Gujarat to be the Competent Authority to implement this policy decision.

This Bill seeks to achieve the aforesaid objects.

The following notes on clauses explain, in brief, some of the important provisions of the Bill: -

***Clause 1.-*** This clause provides for the short title and commencement of the Act.

***Clause 2.-*** This clause defines certain terms used in the Bill.

***Clause 3.-*** This clause provides that the Gujarati language shall be taught as a compulsory language in all schools in the State as an additional language.

***Clause 4.-*** This clause provides for appointment of competent authority for carrying out the purposes of this Act.

***Clause 5.-*** This clause provides that the competent authority shall be deemed to be public servant within the meaning of section 21 of the Indian Penal Code.

***Clause 6.-*** This clause provides for the exemption to be granted in case of students with domicile outside Gujarat.

***Clause 7.-*** This clause provides to exempt any School or category of students from all or any of the provisions of this Act, other than the provisions of section 6 of this Act.

***Clause 8.-*** This clause provides for the penalty to be imposed by the competent authority on the school contravening the provisions of the Act.

***Clause 9.-*** This clause provides that the provisions of this Act, or the rules made thereunder, shall have effect, notwithstanding anything inconsistent therewith contained in any other law enacted by the Gujarat State Legislature.

***Clause 10.-*** This clause provides for power of the State Government to give directions as it deems fit and such directions shall be final and binding.

***Clause 11.-*** This clause provides for usual indemnity for the action done or taken in good faith.

***Clause 12.-*** This clause empowers the State Government to make rules to carry out the purposes the Act.

***Clause 13.-*** This clause empowers the State Government to remove difficulties arising within a period of two years from the commencement of the Act.

**(KUBERBHAI DINDOR)**

## FINANCIAL MEMORENDUM

The existing staff of Education Department will perform the functions to carry out the objects of the Act and as such, the Bill, if enacted and brought into force, would not involve any additional expenditure from the Consolidated Fund of the State.

**(KUBERBHAI DINDOR)**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects: -

***Clause 1. -*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

***Clause 3. -*** Sub-clause (3) of this clause empowers the State Government to prescribe, by rules, the text books which shall be followed by every school for teaching Gujarati as an additional language.

***Clause 4. –*** (i) Sub-clause (1) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette,* any officer of the Education Department not below the rank of Deputy Director in the office of the Directorate of Primary Education, Government of Gujarat to be the Competent Authority;

(ii) sub-clause (2) of this clause empowers the State Government to prescribe, by rules, the powers to be exercised and functions to be performed by the Competent Authority.

***Clause 7. –*** This clause empowers the State Government to exempt, by general or special order, by publishing in the *Official Gazette*, any school or category of students from all or any of the provisions of this Act, other than the provisions of Section 6.

***Clause 8. -*** Sub-clause (6) of this clause empowers the State Government to prescribe, by rules, the manner in which an officer not below the rank of Deputy Director of the office of Directorate of Primary Education, Government of Gujarat may recover the penalty as provided in this clause.

***Clause 10. -*** Sub-clause (1) of this clause empowers the State Government to prescribe, by rules, the period within which the competent authority shall report to the State Government the result of the enquiry made or the proceedings taken by him.

***Clause 12.-*** Sub-clause (1) of this clause empowers the State Government to make, by notification in the *Official Gazette*, rules for carrying out the purposes of the Act.

***Clause 13.* -** This clause empowers the State Government to remove difficulties, by an order published in the *Official Gazette*, arising within a period of two years from the commencement of the Act.

The delegation of legislative powers as aforesaid is necessary and is of normal character.

Dated the 22nd February, 2023. (**KUBERBHAI DINDOR)**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 3 OF 2023.**

*A BILL*

*to provide and ensure teaching and learning of Gujarati as one of the language in all Schools in the State of Gujarat .*

**[ SHRI KUBERBHAI DINDOR,**

**MINISTER FOR EDUCATION]**

**(As published in the Gujarat Government Gazette of 22nd February, 2023)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**